નમસ્કાર ગાંધીનગર

પમરાટ

તારું મધમીઠું મુખ
જાણે સાતપાંચ તારાનું ઝૂમખું
હો આમતેમ ઝૂલે
હો ઝૂલે !

કે ઘર મારું વહેલી પરોઢના પ્હેલા
ઉઘાડ જેવું ખૂલે !

મારું સામટુંય દુઃખ
વાયુનું પગલું શું આછું
હો આમતેમ ઊડે
હો ઊડે !

કે ગંધના ઘેલા પતંગિયા જેવું
આ મન મને ભૂલે !

રાવજી પટેલ.

પાથેય

- રમેશ ઠક્કર

આગમનનું ગાન...!

કોઈકનું આગમન કેટલું અસરકારક હોઈ શકે ? એ કવિતા બનીને શબ્દોમાં વ્યક્ત થાય તો કેવું લાગે ?કવિ મુખર બન્યા વગર બહુ સરસ વાત કરે છે.કહે છે કે કોઈકનું મુખ આપણા આંગણામાં આવીને આમતેમ ઝૂલે અને એના કારણે જે રોશની ફેલાય એટલે આખું ઘર જાણે ઝાકમઝોળ થઈ જાય..એ માટેની ઉપમા પણ કેવી સચોટ આપી છે ? ઘરનો ઉજાસ પણ કેવો? વહેલી પરોઢના પહેલા ઉઘાડમાં જે જાજરમાન દ્રશ્ય ખડું થાય છે એવો? ઉજાસ? ! ખ મળી ગયાનો જાણે અદકેરો આનંદ છે.

ધરતીમાંથી ફૂટતા તરણાની માફક સર્જકો પણ સહજપણે પ્રગટતા હોય છે..દરેકની અલગ દુનિયા હોય છે..જુદું ભાવજગત હોય છે..જગતની પ્રચલિત પ્રણાલિકાઓ કે માપદંડો થકી એની સર્જનશીલતા ને માપી શકાતી નથી..અને એટલે જ આપણે શબ્દના શિલ્પીને સર્જક કહી અહોભાવ વ્યકત કરીએ છીએ..ઇ.સ.૧૯૨૬માં જન્મેલા મરાઠી ભાષાના પ્રસિધ્ધ કવિ નારાયણ સુર્વે એક અનાથ બાળક હતા..એમણે પણ આપણા રાવજી પટેલની માફક પારાવાર અભાવો...ગરીબી અનુભવ્યાં છે..માહિમની ગલીમાં મજુરી કરી પ્રાથમિક શિક્ષક બન્યા..એમણે સુંદર કાવ્યો લખ્યાં છે..પ્રસન્ન દાંપત્યભાવનું નિરૂપણ કરતી આ અદભુત કવિતા જુઓ..જેમાં સંજોગોવશાત ઘરમાં રહેતો એકાકી નાયક નોકરી કરતી પત્ની ની ઉત્કટતાથી રાહ જુએ છે..એ મનોભાવો નું મુલાયમ આલેખન હૃદયસ્પર્શી બન્યું છે.પોતાના પિંજરબધ્ધ જીવનની અંધકારમય ક્ષણો ને નાયિકા નું આગમન કેવુ હૂંફમય બનાવશે એ ભાવ અહીં ગજબ રીતે ઝિલાયો છે.કાવ્યને ભાષા કે ભૂગોળના સિમાડા નડતા નથી..કેમકે માણસની વ્યથા બધે એકસરખી હોય છે..લાગણી સર્વવ્યાપી હોય છે..આંસુનું ઉષ્ણતામાન બધે એકસરખું હોય છે...એક અનુવાદિત કાવ્ય પણ જયારે આમજન જેવું લાગે ત્યારે સર્જકનો શબ્દ સાર્થક બની જાય છે..

પાંજરામાંની મારી દુનિયામાં કલકલાટ જાગે છે
તું જયારે થાકીપાકી પાછી આવે છે.
બારીમાં આવીને બેસે છે આકાશનું પંખી સુંદર
તું જયારે થાકીપાકી પાછી આવે છે
ગોળમટોળ ગાલોનું,
સસલું એકદમ હસી ઊઠે છે
તું જયારે થાકીપાકી પાછી આવે છે
તું જયારે થાકીપાકી પાછી આવે છે
ત્યારે મારો જીવ પાછો આવે છે
ઘરમાં શીતળ એવો તડકો..

અંધારું થઈ જશે તો આપણે ઘરે જવાબ આપવો પડશે

સ-રસ
મમતા બુચ

સંધ્યા પોતાની રંગોળી સંકેલી રહી હતી. એની જ પ્રતિક્ષા કરી રહેલી નિશા ધીમે પગલે આકાશ પર પોતાનું સામ્રાજ્ય સ્થાપી રહી હતી. દરિયો ચંદ્રદેવને પ્રગટતાં જોઈ આનંદિત થઈ રહ્યો હતો અને ઊછળતાં મોજાંઓથી એની વંદના કરી રહ્યો હતો. સહેલાણીઓ પણ ધીમે-ધીમે ઓછાં થઈ રહ્યાં હતાં.

"બહુ વાર ન કરતી. અંધારું થઈ જશે તો આપણે ઘરે જવાબ આપવો પડશે." રેતમાં બેસીને દરિયાનાં મોજાંઓને નિહાળી રહેલાં હિમાક્ષીબહેનનાં કાને કોઈના શબ્દો અથડાયા. એમણે પાછળ ડોકું ધૂણાવ્યું. રેતમાં બેઠેલી, સાદી બ્લૂ સાડી પહેરેલી એક સ્ત્રી બોલી રહી હતી. હિમાક્ષીબેને જોયું કે એ દૂર જઈ રહેલી કોઈ છોકરીને સંબોધીને બોલી હતી. હિમાક્ષીબેન ફરી વાર દરિયાનો આનંદ નિહાળવામાં વ્યસ્ત થઈ ગયાં.

બીજી સાંજે એ જ ઘટના ફરી બની. આ વખતે હિમાક્ષીબેનને એમાં જરા રસ પડ્યો. એ છોકરી ક્યાં જાય છે અને એને ઘરે શું કારણથી જવાબ આપવો પડશે એવી એમને માનવસહજ ઉત્કંઠા તો થઈ આવી પણ પારકી પંચાતમાં શું કામ પડવું એમ માનીને એમણે મનને વાળ્યું.

એ પછી ત્રીજે દિવસે એ બંને ન દેખાયાં. હિમાક્ષીબેનની નજર ફરી-ફરીને રોજની જગ્યા પર જતી હતી. આખરે એ ત્યાંથી ઊઠ્યાં. એમનું ઘર દરિયાકિનારાથી સાવ નજીક હતું એટલે એમનો એ રોજનો ક્રમ થઈ ગયો હતો. સમુદ્રનું નર્તન એમનો પ્રિય નજારો હતો એટલે જ એમણે ત્યાં બંગલો ખરીદ્યો હતો. સાંજ પડે દરિયાકિનારે જવું, દરિયાનાં મોજાંઓની આવન-જાવન નીરખવી, લોકોની ચહલપહલ જોવી અને ચંદ્ર છેક અધ્ધર ચઢે એટલે પાછાં ફરવું એ એમની દિનચર્યામાં વણાઈ ગયું હતું.

છેલ્લા કેટલાક દિવસોથી એ જોતાં હતાં કે એક યુવાન છોકરી એક આધેડ ઉંમરની સ્ત્રી સાથે ત્યાં આવતી હતી. થોડી વાર બંને રેતમાં બેસતાં હતાં. પછી છોકરી ત્યાંથી સરકી જતી હતી. આધેડ સ્ત્રી ત્યાં જ બેસતી હતી. થોડી વાર પછી છોકરી પાછી આવતી હતી અને બંને સાથે જતાં રહેતાં હતાં. હિમાક્ષીબેનની રોજની રેતમાં બેસવાની જગ્યા નિશ્ચિત હતી અને પેલાં બંને પણ લગભગ એમની પાછળ જ બેસતાં હતાં.

ચોથા દિવસે ફરી એ બંને ડોકાયાં. આ વખતે હિમાક્ષીબેને બધી "મેનર્સ" બાજુ પર મૂકીને એમની વાતચીત સાંભળવાનો પ્રયત્ન કર્યો. થોડી વાર સ્ત્રી અને યુવતી સાથે બેઠાં. પછી યુવતી બોલી, "મમ્મી, હવે જો તું થોડી વાર બેસે તો...." મા બોલી, "હા, બેઠી છું. પણ બહુ વાર ન કરતી." યુવતી ઝડપથી દૂર સરી ગઈ. હિમાક્ષીબેનથી રહેવાયું નહીં. એ ધીમેથી પેલાં બેનની બાજુમાં ગોઠવાયાં. "તમે રોજ અહીં આવો છો, બરાબર ને?" હિમાક્ષીબેને વાતચીત શરૂ કરી. એ બેન બોલ્યાં, "હા, લગભગ રોજ." "હું તમને જોઉં છું." હિમાક્ષીબેને વાત આગળ વધારી. "બરાબર." બેને ટૂંકો જવાબ આપ્યો. "મારું નામ હિમાક્ષી છે. હું અહીં નજીકમાં જ રહું છું. તમે?" હિમાક્ષીબેને વાતનો દોર લંબાવ્યો. "અમે થોડાં દૂર રહીએ છીએ." જવાબ મળ્યો. હિમાક્ષીબેને પૂછી જ લીધું, "આ ગઈ તે.....?" "મારી દિકરી છે." બેને કહ્યું. એટલામાં દિકરી આવી ગઈ અને મા-દિકરી ઊઠીને ચાલતાં થયાં.

પછીના દિવસે પેલાં બેને હિમાક્ષીબેનને સ્મિત આપ્યું. દિકરી રોજના ક્રમ મુજબ ચાલતી થઈ એટલે બંને વાતોએ વળગ્યાં. હિમાક્ષીબેનના સૌહાર્દપૂર્ણ વ્યવહારથી મા ખુલીને વાત કરતી થઈ. "એનું નામ વૃંદા છે. અહીં એ મને ખેંચી લાવે છે. મારી દિકરી બહુ શોખીન છે." હિમાક્ષીબેન જે જાણવા માગતાં હતાં એ છેવટે વૃંદાની મમ્મીના હોઠ ઉપર આવ્યું, "અહીં એ .....એના એક ફ્રેન્ડને મળવા આવે છે. ફ્રેન્ડ કહો કે બોયફ્રેન્ડ કહો..."એ થોડું શરમાયાં પણ પછી ડોક ટટ્ટાર કરીને બોલ્યાં, "પણ મારી દિકરી આજની છોકરીઓ જેવી નથી. મારી મર્યાદા એ જાળવે છે. મારી સામે એને નથી મળતી પણ પેલા ખંડેર જેવા મકાનની પાછળ એ થોડી વાર એને મળી લે છે. પછી અંધારું થતાં તો પાછી આવી જાય છે."

નવાઈમાં ગરકાવ થઈ ગયેલાં હિમાક્ષીબેન પૂછી બેઠાં, "આ બધું એના પપ્પાને....?" મા બોલી, "નથી ખબર. એટલે જ ને! અમારે ઘરે જરા શિસ્તનું વાતાવરણ છે. એના પપ્પા જાણે તો વૃંદાનો ઉધડો લઈ નાખે અને મને તો ઘરની બહાર જ કાઢી મૂકે. ઘણી વાર એ એના બોયફ્રેન્ડ સાથે ફોન પર વાત કરતી હોય છે પણ મને જોઈને ચૂપ થઈ જાય છે. હું એના મનની ખુશી માટે એના પપ્પાથી બચાવીને એને અહીં લઈ આવું છું."

હિમાક્ષીબેનની એ આખી રાત વિચારોમાં જ ગઈ. બીજે દિવસે ફરી એ અને વૃંદાની મા એકલાં પડ્યાં એટલે હિમાક્ષીબેન બોલી ઊઠ્યાં, "તમને ખોટું ન લાગે તો એક વાત પૂછું?" વૃંદાની માના ચહેરા ઉપર આછું સ્મિત ઉપસી આવ્યું, "તમે એમ પૂછવા માગો છો ને કે આ બધું હું એના પપ્પાથી કેમ છૂપાવું છું? મા થઈને હું દિકરીને આ રસ્તે કેમ જવા દઉં છું?" હિમાક્ષીબેન નિરુત્તર હતાં. વૃંદાની માના ચહેરા ઉપરનું સ્મિત ગાયબ થઈ ગયું. રૂંધાયેલા ગળે એ બોલ્યાં, "હિમાક્ષીબેન, વૃંદાને કેન્સર છે. પણ એ વાતની જાણ એને કે એના પપ્પાને નથી. એ વાત મેં એ બંનેથી છૂપાવી છે. જો થોડો સમય વૃંદા એના પ્રેમની દુનિયામાં ખુશ રહેતી હોય તો આ મા માટે બીજી કઈ ખુશીની વાત હોય? આમે ય વૃંદા હવે કેટલા દિવસોની....." હિમાક્ષીબેન સ્તબ્ધ બની ગયાં હતાં. વૃંદાની માના ખભા ઉપર હાથ મૂકીને એ નિઃશબ્દ ક્યાંય સુધી બેસી રહ્યાં. પછી વૃંદા આવી એટલે એ ચાલતાં થયાં.

બીજે દિવસે વૃંદાની મા એકલી બેઠી હતી અને વૃંદા ખંડેર પાછળ ગઈ હતી પણ હિમાક્ષીબેનની એમને મળવાની હિંમત ન થઈ. એ શૂન્યમનસ્કપણે રેત ઉપર ચાલતાં રહ્યાં. આગળ જતાં પેલું ખંડેર આવ્યું. અનાયાસે એમના પગ એ તરફ વળી ગયા.....અને આંચકો ખાઈને ઊભા રહ્યા. વૃંદા એકલી જ ઊભી હતી! એની નજર હિમાક્ષીબેન પર પડી. બંને ક્યાંય સુધી પરસ્પર એકબીજાને તાકતાં રહ્યાં.

આખરે વૃંદાએ જ મૌન તોડ્યું, "આન્ટી, તમે રોજ આવો છો એ જ ને?" હિમાક્ષીબેન હકારમાં ડોકું ધૂણાવી રહ્યાં. "તમે મમ્મીને રોજ મળો છો ને? એ ઘરે પણ તમારી વાત કરતી હોય છે." વૃંદાના ચહેરા ઉપર પરિચિતતાના ભાવ હતા.

હિમાક્ષીબેનની હિંમત થોડી ખૂલી. "વૃંદા, તારી મમ્મી કહેતી હતી કે તું અહીં કોઈકને મળવા....." વૃંદા આકાશમાં તાકી રહી. "આન્ટી, મારી મમ્મીને એ ખબર નથી કે મને ખબર છે કે મને કેન્સર છે. મારી માને બીજી કોઈ પણ માને હોય એમ મને પરણાવવાની અને ખુશ જોવાની બહુ હોંશ છે. પણ મને પરણાવવાની એની એ હોંશ તો પૂરી થાય એમ નથી. એટલે....એટલે હું એને એ ભ્રમમાં રાખું છું કે હું કોઈને પ્રેમ કરું છું અને એને મળવા જઉં છું. હકીકતમાં તો હું અહીં દરિયાનાં ઉછળતાં મોજાં જોઈને મારા બાકીના દિવસો ગણું છું. પાછી જઉં છું ત્યારે મને ખુશ જોઈને એ ખુશ થાય છે. મારી જિંદગીના જેટલા દિવસો બાકી રહ્યા છે એ હું એને ખુશ રાખવામા વીતાવી રહી છું અને એ મને ખુશ રાખવામાં."

હિમાક્ષીબેનને સ્તબ્ધ છોડીને એ માની દિશામાં દોડી ગઈ. ઝડપથી ઘર તરફ પગ ઉપાડી રહેલાં મા-દિકરીને હિમાક્ષીબેન જોઈ રહ્યાં. બંને એકબીજાની ખુશી માટે એકબીજાને છેતરી રહ્યાં હતાં અને બંનેના આનંદ પહેરેલા ચહેરાઓ નીચે અપાર વેદના ઘૂઘવતી હતી પેટાળમાંથી વલોવાઈને સપાટી પર નર્તન કરતાં દરિયાનાં મોજાંઓની જેમ.

mtabuch150@gmail.com

તમે પ્રેરણા લેવા ક્યાં જાઓ છો?

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

જ્ઞાની માણસો કહે છે કે દુનિયાની હર એક વસ્તું તમને કંઈ ને કંઈ શીખ આપી જાય છે. તમારી પાસે એ ખુબી જોવાની દ્રષ્ટિ હોવી જોઈએ. મને થયું કે આ વાત ખરી છે એ સાબિત કરવું જોઈએ. પેલી ગળા સુધીની ખાતરી કરવા માટે આવા અખતરા કરવાની મને ટેવ છે. એક વાર કંઈ નક્કી કરી લઉં એટલે પછી તરત જ હું એની પર અમલ પણ કરી લઉં છું. મેં મારી આસપાસ જોયું તો મને મારા ભત્રીજાના હાથમાં એક ફુગ્ગો દેખાયો...

ઢેન...ટેણેન...એવું મનમાં સંગીત વગાડતી પછી હું એ બાળકનાં હાથમાં પકડેલા ફુગ્ગાને ધારી ધારીને જોઈ રહી અને પછી જે જ્ઞાન મને મળ્યું એ જ હું આજ તમારી સાથે વહેંચી રહી છું.

માની લો કે તમે એક ફુગ્ગામાં હવા ભરી રહ્યાં છો. ફુગ્ગો ફૂલી ગયા પછી તમને થાય છે કે હજી થોડી વધારે હવા ભરતા એનું કદ વધી જશે. તમે ફરી થોડી હવા ભરો છો. ફુગ્ગાનું રબર જેટલું ખેંચાઈ શકે એટલું ખેંચાઈ ગયું છે. એ સારું એવું એનું કદ વધારી ચૂક્યો છે.

એ જેમ જેમ મોટો થતો ગયો હતો તેમ તેમ એનો રંગ ઝાંખો પડી રહ્યો હતો. હવે એ સાવ આછા રંગનો દેખાઈ રહ્યો છે. તમને ખબર છે કે હવે એમાં હવા ભરવું રિસ્કી બની શકે છે. એનામાં હવે સહેજ પણ જગ્યા નથી બચી અને તોય તમે એમાં હવા ભરો છો તો શું થશે?

ફુગ્ગો એક ધડાકા સાથે તૂટી પડશે. તમે વિચારશો કે આવું કેમ થયું? ખેર, એનું વૈજ્ઞાનિક કારણ તો એટલું કે જ્યારે ફુગ્ગામાં હવા ભરવામાં આવે છે ત્યારે એ હવા ફુગ્ગાની આસપાસના વાતાવરણ કરતાં થોડાંક વધારે પ્રેશર સાથે ભરાય છે. ફુગ્ગાની અંદરનું હવાનું દબાણ બહારની હવાના દબાણ કરતાં વધારે હોય છે એટલે જ જેવો ફુગ્ગો ફૂટે ધડાકાભેર એમાંની હવા બહાર ધસી આવે છે.

આટલું બરાબર સમજાઈ ગયું ને? તમને કદાચ એમ થયું હશે કે આ તો સાવ સાદી વાત છે એમાં શું સમજવાનું છે, ખરું? પહેલાં મનેય એવું જ થયેલું પછી મેં થોડુંક મારું મગજ ખોતરીને જોયું કે આ ફુગ્ગાને માણસ સાથે અને હવાને અહંકાર સાથે સરખાવાય તો...જો માણસોમાં અહંકાર એક હદ કરતા વધારે ભરાઈ જાય તો...

ફુગ્ગો એની ક્ષમતા કરતાં વધારે હવા હેન્ડલ નથી કરી શકતો અને એ ધડાકાભેર ફૂટી જાય છે. બિલકુલ આવું જ માનવ સાથે પણ બને છે જ્યારે એ એની ક્ષમતા કરતા વધારે અહંકારી થઈ જાય છે. ફુગ્ગો ફૂલાવ્યો ના હોય ત્યારે એનું રબર થોડું જાડું દેખાય છે, એનો રંગ પણ મસ્ત ઘાટો દેખાય છે પણ જેવી એમાં હવા ભરાય કદ વધતાં રબર પાતળું થતું જાય છે, રંગ ઝાંખો થતો જાય છે. માનવ જ્યારે સ્વાભિમાની હોય ત્યારે એના ચહેરા પર એક આત્મવિશ્વાસ છલકાતો હોય છે, એ થોડો વિનમ્ર હોય છે પણ જેવી એનામાં અહંકારની હવા ભરાવા લાગે એના વાણી વર્તનમાં તોછડાઈ અને બીજા માનવ પ્રત્યેની ઘૃણા દેખાઈ આવે છે. અહંકારની માત્રા એક હદથી વધી જાય ત્યારે ફુગ્ગાની જેમ જ માણસનું કદ જરૂર વધી જાય છે પણ એ સાથે જ એનામાં રહેલી નાની નાની ખામીઓ, બુરાઈઓ તરત બીજા લોકોની નજરે ચઢે છે.

ફુગ્ગો વધારે હવા ભરતા મોટો થતો જાય છે અને છેલ્લે ફૂટી જાય છે. માનવ અહંકારી બને ત્યારે એ સમાજમાં જેટલી ઝડપથી આગળ વધે છે એટલી જ ઝડપે પછી એ એના અંત તરફ ગતિ કરવા લાગે છે.

બિલકુલ અહંકારી ના બનવું, હંમેશા વિનમ્ર બની રહી સામેવાળાની આપણને ના ગમતી વાત પણ બે હાથ જોડી સ્વીકારી લેવી- આવી સલાહ હું નથી આપતી હોં. જોજો પાછા આજના જમાનામાં વધારે પડતાં વિનમ્ર બની રહેવું પણ સારું નથી.

તમે ઘુંચવાઈ ગયા ને? અહંકારી ના બનો, વિનમ્ર ના બનો, તો બનીએ શું? હું કહું છું ફુગ્ગા જેવા બનો!

ક્યારેક ધ્યાનથી જોજો. તમે પાંચ ફુગ્ગા ફૂલાવ્યા હશે તો એમાંથી એક સૌથી પહેલો ફૂટી જશે. એનામાં હવા વધારે ભરાઈ ગઈ હતી. આપણે એના જેવા નથી બનવાનું, અહંકારને કાબૂમાં રાખતા શીખવાનું છે.

બીજો ફુગ્ગો એક બે કલાક બાદ એની જાતે જ ફૂટી જશે. એ ફુગ્ગો કદાચ કોઈ બલ્બ પાસે લટકી રહ્યો હશે કે એની પર સીધો સૂર્યપ્રકાશ આવતો હશે અને ગરમીને લીધે એની અંદરની હવાનું પ્રેશર વધી જતાં એ ફૂટી ગયો. મતલબ કે તમારે એવા માણસોથી દૂર રહેવાનું છે જે કારણ વગર જ તમારા મગજનો તવો ગરમ કરતા રહેતા હોય. એમને બસ તમને ગુસ્સે કરવામાં મજા આવતી હોય અને એને લીધે તમારી કામ કરવાની ઈચ્છા, ઉત્સાહ મરી જતો હોય.

બે ફુગ્ગા બાળકો લઈ લેશે અને એમની રમતમાં એ ફૂટી જશે. દુનિયામાં કેટલાય માણસો એવા મળશે જે તમારી સાથે રમત કરી જશે. તમારી લાગણીઓ સાથે છેડછાડ કરી દૂર ચાલ્યાં જશે. આવા સમયે તમારામાં અહંકાર, સ્વાભિમાન, ગુસ્સો બધુંય ઠંડુ પડી ગયું હશે...બચી હશે તો ખાલી અકળામણ અને ચીઢ કે મારી સાથે જ આવું કેમ થયું? આ એવી પરિસ્થિતિ હોય છે જેનો કોઈ ઉકેલ નથી. જે થવાનું હોય એ તો થઈને રહે છે પણ હા, એમાંથી બહાર કેમ આવવું એ આપણા હાથમાં છે. આપણે એ વખતે ફુગ્ગાની જેમ ફૂટી નથી જવાનું પણ એ કઠિન સમય વીતી જવા દેવાનો છે. શાંત રહેવાનું છે અને પછી ફરી બેઠાં થવાનું છે.

આ પાંચે ફુગ્ગામાંથી એક એવો હશે જેની ગાંઠ કદાચ થોડી ઢીલી બંધાઈ હતી અને એ ધીરે ધીરે એમાંથી થોડી હવા લીક કરતો કરતો કદમાં થોડો નાનો થઈ ગયો છે પણ હજી ટકી રહ્યો છે. એ ફુગ્ગા સાથે બાળકો રમે, એની પર લાઈટ પડે, કે કોઈ એને ફોડી નાંખવાનું વિચારી બે હાથ વચ્ચે દબાવી દે તો પણ એ ફૂટતો નથી. એનામાં હવે એટલી જ હવા છે જેને એ ગમ્મે તેવી પરસ્થિતિમાં કાબૂમાં રાખી શકે છે અને ટકી શકે છે. એ બે ત્રણ દિવસ બાદ પણ ત્યાં જ એની એ જગ્યાએ લટકતો દેખાઈ આવશે. તમે એને ત્યાંથી ઉતારીને નીચે ફેંકી દેશો તો ઘરના કોઈ ખૂણે દિવસો સુધી પડ્યો રહેશે અને છેલ્લે એની હવા સાવ ઓછી થઈ ગઈ હશે ત્યારે તમે કંટાળીને એને ડસ્ટબિનમાં ફેંકી દેશો. હવે તમે સમજી ગયા ને કે તમારે આ છેલ્લા ફુગ્ગા જેવા બનવાનું છે!

જરૂર મુજબનો અહંકાર, પ્રમાણસરની વિનમ્રતા, સંજોગો અનુસાર આવીને તરત જતો રહેતો ક્રોધ, ધીરજ અને બૌ બધી પ્રસન્નતા- બસ આટલું બેલેન્સમાં રાખતા શીખો પછી જુઓ આ દુનિયામાં કોઈ તમારું કંઈ બગાડી નથી શકવાનું.

જોયું જ્ઞાની માણસો બરાબર જ કહી ગયા છે કે હર એક વસ્તું તમને કોઈ શીખ આપે છે. મેં એક ફુગ્ગાનું ઉદાહરણ લઈ એ સાબિત કરી બતાવ્યું ને...!

અમસ્તું,
જીવવું એટલું જ મુશ્કેલ કે સહેલું છે જેટલું આપણે વિચારીએ.

@Niyati Kapadia

હક અને હિસ્સા માટે કબડ્ડી રમાય છે, અને જવાબદારી માટે ખો ખો....

લાગણીનો મેળો
રસિક વાળંદ

અહીં દુઃખની દુનિયામાં એક રંગ જોયો, ભલે સુખનું જગ હો પ્રકારે પ્રકારે.
સુજનની કબર કે ગુનેગારની હો, છે સરખી ઉદાસી મઝારે મઝારે.

●●●

મરણ કે જીવન હો એ બન્ને સ્થિતિમાં, 'મરીઝ' એક લાચારી કાયમ રહી છે.
જનાજો જશે તો જશે કાંધે કાંધે, જીવન તો ગયું છે સહારે સહારે.
- મરીઝ

●●●

આજે બધાને અમીરપણાનો રોગ લાગુ પડ્યો છે.ઠેરઠેર પૈસાની જ પારાયણ ચાલતી હોય છે. હમણાં એક વડીલે સરસ વાત કરી, " સાહેબ, પાણી વગર જહાજ ખસેડી શકાતું નથી. વહાણને પાણીની જરૂર હોય છે, પરંતુ જો પાણી વહાણમાં જાય તો વહાણના અસ્તિત્વ સામે ખતરો - જોખમ ઊભું થાય...જે એક સમયે વહાણ માટે જીવવાનું સાધન હતું તે વિનાશનું સાધન બની જાય છે..." આ સાંભળી બીજા એક વડીલ ઠાવકાઈથી મોઘમમાં બોલ્યા, " પૈસા ' સબ કુછ ' હૈ, પર ' સબ કુછ ' નહીં...! "

આજે તો પ્રત્યેકને બંગલા, મોટરગાડી, કિંમતી વસ્ત્રો, મૂલ્યવાન ઘરેણાં, મનોરંજનના સાધનો, વિમાનોની મુસાફરી, વિદેશોના વૈભવી પ્રવાસો - આ બધાની ઘેલછા, જેમ ધન સંપત્તિ વધતાં વધતી જાય છે... ખર્ચા વધતાં જાય ને વધુ રૂપિયા કમાવા પડે... આમ સંપત્તિ અને ઉપભોગ નો પકડ દાવ ચાલ્યા કરે... પછી પૈસા પાછળ પડેલો માણસ જગતથી વિખૂટો પડતો જાય છે.. એક સમયે જેને દોડીને મળવા જઈ શકાતું એને મળવા હવે રાહ જોવી પડે... રાજી હોય - ઈચ્છા હોય તો ફોન ઉપાડે... ઘરમાં પણ શિસ્ત આવી જાય... ઘર પણ ધર્મશાળા જેવું લાગે...! જે ઘરમાં શાંતિ...હાશકારો...નિરાંત અનુભવાતી એ હવે આગની ભઠ્ઠી લાગવા માંડે....પછી શું ??! બહારથી સર્વ વાતે સુખી દેખાતો માણસ અંદરથી અશાંત ને અકળામણ અનુભવે એનું કારણ શું ?

આ સંદર્ભે સ્વામી વિવેકાનંદે અમેરિકાના મહાન ઉદ્યોગપતિ રોકફેલરને બતાવેલો માર્ગ સૌ એ અનુસરવા જેવો છે...

" અમેરિકામાં એક દિવસ સ્વામી વિવેકાનંદ પોતાના અભ્યાસ ખંડમાં પુસ્તક વાચનમાં એકાગ્ર હતા.ત્યાં તેમના ટેબલ ઉપર ટકટક અવાજ થયો એટલે એમણે સામે નજર કરી તો કીમતી સૂટમાં સજ્જ થયેલો , ચહેરા પર ગુસ્સાના ભાવવાળો એક અમેરિકન.સામે ઊભો હતો. આમ એકાએક સામે આવેલાને જોઈ સ્વામીજીને આશ્ચર્ય તો થયું પણ તે બોલે તે પહેલાં જ તેણે કહ્યું, હું રોકફેલર છું. આ બોલતી વખતે તેના મનમાં એમ કે પોતાનું નામ સાંભળી આ સાધુ ઊભો થઈ જશે.. માન આપશે...કારણકે એ સમયનો અમેરિકાનો સૌથી વધુ ધનાઢ્ય ઉદ્યોગપતિ,પેટ્રોલિયમ ઉદ્યોગનો રાજા ..આખા અમેરિકામાં એનો ડંકો વાગતો..એની મુલાકાત માટે સૌ આતુર રહેતા તેના બદલે પોતે સામે ચાલીને આ સન્યાસીને મળવા આવ્યા એટલે આ સન્યાસી ખૂબ માન આપશે એવી ધારણા હતી પણ બન્યું સાવ ઉલટું..સ્વામીજી એ તટસ્થભાવે પૂછ્યું, " વોટ ડુ યુ વોન્ટ? " - તમારે શું જોઈએ છે ? આ પ્રશ્નથી તે અકળાયો . તેણે કહ્યું, " આઈ ડોન્ટ વોન્ટ એનીથીંગ." - મારે કંઈ જોઈતું નથી. સ્વામીજી એ તુરત બીજો પ્રશ્ન કર્યો, " વ્હેન વાય યુ હેવ કમ હિયર ? - તો પછી શા માટે અહી આવ્યા છો? રોકફેલર પાસે આનો કોઈ જવાબ ન હતો.અપેક્ષા કરતાં અહી જુદું બન્યું.મનમાં ગડમથલ ચાલી.એટલે સ્વામીજીએ કહ્યું, ' તમે નથી જાણતા પણ હું જાણું છું કે તમે શા માટે અહીં આવ્યા છો ? તમારા મનમાં શાંતિ નથી એટલે શાન્તિ મેળવવા અહીં આવ્યા છો.' આ સાંભળી તેને આશ્ચર્ય થયું કે તેના મનમાં બિલકુલ શાન્તિ ન હતી અને મિત્રોના કહેવાથી તે સ્વામીજી પાસે શાન્તિ માટે જ આવ્યો હતો.પણ સ્વામીજીને તેના મનની વાત કેમ ખબર પડી ગઈ.એ તેને સમજાયું નહીં.ત્યાં સ્વામીજીએ ફરી તેના મનમાં મૂંઝવતી સમસ્યાઓ કે જે એને કોઈનેય કહી ન હતી તે વિશે જણાવ્યું એથી એને ભારે આશ્ચર્ય થયું. હવે આ સન્યાસી કોઈ સામાન્ય સાધુ નથી એની પ્રતીતિ થઈ.પછી એણે નરમ થઈ સ્વામીજીને પૂછ્યું, ' મારા મનની બધી વાતો તમે કઈ રીતે જાણી શક્યા? ત્યારે સ્વામીજીએ તેને કહ્યું, મને તમારા મનની ખબર છે એટલે.દરેકનું મન એ વિશ્વ મનનો એક ભાગ છે.જેનું મન વિશ્વ મન સાથે એકાકાર છે તેઓ કોઈનાય મનને પોતાના મનની જેમ જ જાણી શકે છે.આવી વાતોથી રોકફેલરને ખૂબ આશ્ચર્ય થયું.હવે સ્વામીજી પર વિશ્વાસ મૂકવા જેવા લાગ્યા.એટલે તે તેમની વાતો સાંભળવા લાગ્યો.સ્વામીજી એ કહ્યું, ' જો તમારે મનની સાચી શાન્તિ જોઈતી હોય તો તમારી પાસે જે સંપત્તિ છે,તેનો ઉપયોગ ગરીબોના કલ્યાણ માટે કરો.તમે તમારી સંપત્તિના માલિક નથી પણ રખેવાળ છો.એ વિપુલ સંપત્તિ તમને અનેકના કલ્યાણ કરવા માટે આપવામાં આવી છે.એટલે એ જ રીતે તેનો ઉપયોગ કરશો તો તમને સાચી શાન્તિ મળશે.' સ્વામીજીની વાત સાંભળી ખરી પણ તે સ્વીકારવા જેવી ન લાગી.અને મનની સાચી શાન્તિ મેળવ્યા વગર જ પાછો ગયો.

થોડા દિવસ બાદ તે ફરીથી સ્વામીજીને મળવા આવ્યો.ત્યારે તેના હાથમાં એક કાગળ હતો. તેણે સ્વામીજીના હાથમાં તે કાગળ મૂક્યો.તેને એમ કે હવે સ્વામીજી ખુશ થશે.અને તેનો આભાર માનશે.કેમકે એ કાગળમાં તેણે કરેલા દાનોની યાદી હતી.સ્વામીજી એ કાગળ વાંચી લીધો પણ કંઈ બોલ્યા નહીં.એટલે રોકફેલરે કહ્યું, ' સ્વામીજી, તમારે મારો આભાર માનવો જોઈએ.તમારી વાત નો સ્વીકાર કરીને મેં આ સંપત્તિનું દાન કર્યું છે.' ત્યારે સ્વામીજીએ કહ્યું, ' મિ.રોકફેલર, આભાર તો તમારે મારો માનવો જોઈએ.કેમ કે તમને સાચી શાન્તિ નો માર્ગ બતાવ્યો છે.' એ પછી તો રોકફેલરે પોતાની સંપત્તિનો મોટો ભાગ લોક કલ્યાણના કાર્યોમાં વાપર્યો. પોતાની આત્મકથામાં પણ તેણે લખ્યું છે, " આપણે જેટલા બીજાની સેવા કરીશું ,તેટલી આપણને વધારે શાંતિ મળશે." શાંતિનો માર્ગ તેને સ્વામી વિવેકાનંદે આ રીતે બતાવ્યો.

દોસ્તો, રોકફેલર માટે આ વાત નવી હશે પરંતુ ભારતીય સંસ્કૃતિનો પાયો જ " તેન ત્યક્તેન ભુંજિથા" ના સિદ્ધાંત ઉપર ઊભેલો છે.

કોઈકે સાચું કહ્યું છે, " સંપત્તિના ગુલામ નહીં, પણ માલિક થવું જોઈએ." આપણા વૈદિક ઋષિઓ તો એથી આગળ વધીને" શ્રી સૂક્તમ" રચીને ધન - લક્ષ્મીનો આદર કરવાની વાત કરી છે...

પૂ.ગાંધી બાપુએ "સાદું જીવન અને ઉચ્ચ વિચાર " સાથે ટ્રસ્ટી શીપ - વાલીપણા ની વાત નૂતન ભારતમાં મૂકી..તો પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી એ ગીતા નો આધાર લઈ " ભગવાનનો ભાગ" કાઢવાની વાત સ્વાધ્યાયીઓને શીખવી.

આપણા ચાર પુરુષાર્થ માં ધર્મ પછી અર્થ છે..પણ આપણે ધર્મનો છેદ ઉડાડી અર્થ પાછળ ઘેલા થયા છીએ... અહીં વિત્તેષણાની નિંદા નથી...દરેક ગૃહસ્થીને પુત્રેષણા પછી વિત્તેષણા ને પછી લોકેષણા જાગે એ સ્વાભાવિક છે જ..કહેવાનું તાત્પર્ય એ કે ધન સંપત્તિ ભેગી કરવી એ ખોટું નથી પણ આપણને મનથી એવું લાગવું જોઈએ કે મને મળેલું વિત્ત પ્રભુના આશીર્વાદ છે...એનો ઉપભોગ ભગવાનના આશીર્વાદ તરીકે કરવો જોઈએ....પણ આવું વિચારનારા કેટલા ?!! પૈસા માટે સંબંધનો છેદ ઉડાડનારા..માબાપના બે ટંકના કોળીયાનો હિસાબ કરનારા...ને તમે શું કહેશો ??!!

સ્પર્શમણિ :-
હક અને હિસ્સા માટે કબડ્ડી રમાય છે, અને જવાબદારી માટે ખો ખો....

●●●

જ્ય